## અન્ય ગ્રામોત્થાન પ્રવૃત્તિઓ :-

(૧)પાટણ જીલ્લાના ૧૨૫ ગામોમાં કુલ ૧૦,૦૦૦ ખેડૂતો સાથે પર્યાવરણને ઓછુ નુકશાન થાય તે માટે પ્રમાણસર અને જરૂરિયાત મુજબ જ પાણી, ખાતર અને દવાનો વપરાશ કરી ઉત્તમ ખેતી કરી વધુ વળતર કેવી રીતે મેળવવું તે માટેનો સઘન કાર્યક્રમ છેલ્લા ૭ વર્ષથી ચાલે છે જેમાં ખુબ સારા પરિણામ મળ્યા છે.

(૨)આરોગ્ય ક્ષેત્રમાં એચ.આઈ.વી./એઈડ્સ અંતર્ગત કુલ ૩૩,૩૧૭ વ્યક્તિઓના લક્ષિત જુથ સાથે કાર્યક્રમ.

(૩)અંતરીયાળ અને પછાત વિસ્તારના ૧૫ ગામમાં માતામરણ અને બાળમરણના નિયંત્રણ માટે ૬૫૦ સગર્ભા બહેનો સાથે સલામત માતૃત્વનો કાર્યક્રમ.

(૪)કિશોરાવસ્થામાં જાતિય ફેરફાર અંગે જાગૃતતા અને સાવચેતી માટે ૧૦ ગામોમાં અને ૫૪ શાળાઓમાં કાર્યક્રમ.

(૫)સિદ્ધપુર તાલુકાની ૫૫ ગામની ગ્રામિણ બહેનોને શિક્ષણ વિષે જાગૃતિ, વિવિધ તાલીમ, સ્વરોજગારી મેળવવા માટે સહાય, આરોગ્ય તપાસ, મેમોગ્રાફી, કેન્સર સ્ક્રિનીંગ, મહિલાના અધિકારો અંગે જાગૃતિ, સ્વરક્ષણ માટેની તાલીમ તેમજ સરકારી યોજનાઓનો લાભ અપાવવો.

(૬)મહિલાઓના આરોગ્ય અંગેના અધિકારો અંગે જાગૃતિની હિમાયત સિદ્ધપુર તાલુકાના ૧૩ ગામોમાં કુલ ૧૨,૨૫૦ બહેનો સાથે.

(૭)પાટણ જીલ્લાના ૯૯ ગામોમાં બાળ અધિકારોના રક્ષણ માટે કાર્ય. બાળમજૂરી કરતા અને ભણવાનું છોડી દીધેલા ૪૨૪ બાળકોને ફરી શાળામાં દાખલ કરાવ્યા તેમજ ૯૧૫ વંચિત પરિવારોને સરકારી યોજનાનો લાભ અપાવ્યો.

(૮)કુદરતી હોનારત જેવી કે કચ્છ ભૂકંપ, ગોધરાકાંડ, સુરત તાપી પૂર, કાશ્મીર ભૂકંપ, બિહાર કોશીપૂર વગેરેમાં રાહત કાર્ય કર્યુ.

## ● સંસ્થાના ટ્રસ્ટીઓની વિગત :-


(૧) સુ.શ્રી રમીલાબેન ગાંધી - નિયામિકા
(૨) ડૉ. નિશીથ અજાણી - સહ નિયામક
(૩) કુ. જીજ્ઞા દવે - મંત્રી
(૪) શ્રી જોઈતાભાઈ પટેલ - ટ્રસ્ટી
(૫) શ્રીમતિ લતાબેન કરીમ - ટ્રસ્ટી
(૬) શ્રીમતિ પ્રવિણાબેન રાવ - ટ્રસ્ટી
(૭) શ્રીમતિ સુધાબેન પી. પટેલ - ટ્રસ્ટી
(૮) શ્રીમતિ વર્ષાબેન શાહ - ટ્રસ્ટી
(૯) શ્રી મનોજભાઈ પટેલ - ટ્રસ્ટી
(૧૦)શ્રી પરબતસિંહ ચૌહાણ - ટ્રસ્ટી




## સુશ્રી રમીલાબેન ગાંધીને મળેલા એવોર્ડસની વિગત :-

૧. શ્રેષ્ઠ મહિલા સામાજિક કાર્યકર એવોર્ડ-૧૯૯૫.
૨. સંસ્કાર, શિક્ષણ, સાહિત્ય એવોર્ડ-૨૦૦૧ સ્વામી સચ્ચિદાનંદના હસ્તે.
૩. શ્રેષ્ઠ મહિલા સામાજિક કાર્યકર એવોર્ડ-૨૦૦૫ શિક્ષણમંત્રીશ્રી શ્રીમતિ આનંદીબેન પટેલ હસ્તે.
૪. આપણું મંડળ દ્વારા એવોર્ડ - ૨૦૧૪ રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીના હસ્તે.
૫. જ્વેલ ઓફ ઈન્ડિયા એવોર્ડ - ૨૦૧૬.
૬. ગાંધીમિત્ર એવોર્ડ - ૨૦૧૭ રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીના હસ્તે.
૭. શાલીન માનવ રત્ન એવોર્ડ - ૨૦૧૮ પૂ.જશભાઈ સાહેબના હસ્તે.
૮. ધરતી રત્ન એવોર્ડ - ૨૦૧૯ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે.
૯. લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ - ૨૦૧૯ બ્રેનફીડ મેગેઝીન, હૈદરાબાદ.

## સંસ્થાની પ્રવૃત્તિ માટે આપનું યોગદાન આવકાર્ય છે.

૧. આપ વસ્તુ અથવા રોકડ રકમ દાનમાં આપી શકો છો.
૨. આપ વાર્ષિક ૧૦,૦૦૦ ભરી એક વિદ્યાર્થીને એક વર્ષ માટે દત્તક લઈ શકો છો.
૩. આપ વાર્ષિક ૧૨૦૦ આપી યોગાંજલિના શુભેચ્છક બની શકો છો.
૪. સંસ્થાના ભાવિ પ્રોજેક્ટમાં આપનો સહયોગ આપી શકો છો.
૫. શાળાના બાળકો માટે નોટબુક, સ્કૂલબેગ, યુનિફોર્મ વગેરેના દાતા બની શકો છો.

### ભારતમાં રહેતા દાતા માટેની વિગત :

નામ : યોગાંજલિ કેળવણી મંડળ
બેંકનું નામ : બેંક ઓફ બરોડા,
ખાતા નં. ૦૧૫૩૦૧૦૦૦૦૪૨૨૪
IFSC CODE : BARBOSIDHPU

### ભારત બહારના દાતા માટેની વિગત :

નામ : યોગાંજલિ કેળવણી મંડળ
બેંકનું નામ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા,
ખાતા નં. ૩૦૨૩૧૧૭૬૮૦૮
Swift Code : SBININBB419,
Authorised Dealers Code : 00004865420044

## સંસ્થાની રજીસ્ટ્રેશન વિગત :-

Registration No.: E/613/ Patan
FCRA Registration No.: 042060049, PAN : AAATY0228Q
NITI Ayog (Govt. of India) : GJ/2017/0165651
Guide Star (India) No.: 6962
In UK donor can donate via CAF(UK) for tax exemption in UK .
(80-G Exemption as per Govt. Rules)

### વધુ માહિતી માટે સંપર્ક


રમીલાબેન ગાંધી
ડાયરેક્ટર
M. 94265 16393

જીજ્ઞા દવે
સેક્રેટરી
M. 98986 02325
e-mail : davejigna2000@yahoo.com


# યોગાંજલિ...




# YOGANJALI KELAVANI MANDAL

*A Social Development Organisation*


At. Dethali Road, Ganeshpura, Siddhpur - 384151
Phone : (02767) 225503, 224707, 221184, Mo. 94265 16393, 98986 02325
E-mail : yoganjaliashram@yahoo.co.in Web : www.yoganjali.org

## ઉદ્દેશ્ય :-

સમાજના છેવાડાના અને વંચિત વર્ગના સમુદાયનો નાત, જાત, ધર્મના ભેદભાવ વગર શૈક્ષણિક, આર્થિક, સામાજિક અને આધ્યાત્મિક વિકાસ કરીને માનવ જીવન ધોરણ ઊંચું લાવવા પ્રયત્ન કરવો.

## યોગાંજલિ વિષે :-

યોગાંજલિ એટલે યોગને સમગ્રતામાં જીવવાનો અને બીજાના જીવનમાં ઉપયોગી થવાનો આદર્શ ધરાવતી સંસ્થા. આ ધ્યેયને વરેલા સુશ્રી રમીલાબેન ગાંધીએ ૧૯૭૪ માં આ સંસ્થાની સ્થાપના કરી. યુવાવસ્થામાં જ શ્રી અરવિંદ,મહાત્મા ગાંધી, વિનોબાજીના વિચારોથી પ્રેરિત થઈને પોતાનું સમગ્ર જીવન આ ધ્યેયને સમર્પિત કરવાનો સંકલ્પ લીધો. સમાજના છેવાડાના વંચિત માનવ સમુદાયના ઉત્કર્ષ માટે અને તેમનું જીવન ધોરણ ઉંચુ લાવવા માટે તેમણે સિધ્ધપુર તાલુકાના ગણેશપુરા ગામને પસંદ કર્યું. ત્યાંની પંચાયતે તળાવના કિનારાની જમીન આ કાર્ય માટે ફાળવી. તે વખતે ત્યાં ઉજ્જડ અને ઉબડખાબડ જમીન સિવાય કંઈ જ ન હતું. સુશ્રી રમીલાબહેને આસપાસના બાળકો માટે ઝાડ નીચે શાળા શરૂ કરી. સ્મશાનભૂમિ જેવી એ વેરાન જમીન દારૂડીયાઓ અને જુગારીયાઓના અડ્ડા જેવી હતી. આવી જમીનમાં પોતાનું આત્મબળ અને આત્મવિશ્વાસની મૂડી સાથે તેમણે શિક્ષણ અને અન્ય સેવાકીય પ્રવૃત્તિ શરૂ કરી. તેમની હિંમત, સાહસ, શક્તિ અને અપ્રતિમ પુરૂષાર્થને લઈને આ પ્રવૃત્તિઓ વિકસતી રહી. જેમાં ઘરવિહોણા પરિવાર માટે તેમજ પૂર પીડિતો માટે મકાન આસપાસના ગામોમાં તળાવ ખોદકામ,રસ્તા મરામત,ગરીબ પરિવારોને અનાજ વિતરણ,મહિલાઓ માટે તાલીમ કેન્દ્રો,નેત્રયજ્ઞો,ગામડામાં બાળમંદિરો,સ્ત્રીશક્તિ જાગૃતિ અંગે મહિલા સંમેલનો,લોક જાગૃતિ માટે પદયાત્રા, યુવક મંડળની રચના, યુવા સંમેલનો વગેરે પ્રવૃત્તિઓ વિસ્તરી.



સંસ્થામાં આર્થિક પછાત અને વંચિત પરિવારના બાળકો માટે શિક્ષણની તેમજ છાત્રાલયની સુવિધા શરૂ કરી તેમજ ત્યકતા, વિધવા અને સમાજની ઉપેક્ષિત બહેનોના વિકાસ માટે માતૃઘર અને ગ્રામોદ્યોગ સંકુલનું નિર્માણ કર્યું. સંસ્થાની સ્થાપનાને આજે પાંચ દાયકા થવા આવ્યા છતાં આજે પણ અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

**સુ.શ્રી રમીલાબેન ગાંધીના સાહસ, સંઘર્ષ,સમર્પણ,સેવા અને સાધનાનો સમન્વય એટલે યોગાંજલિ કેળવણી મંડળ.**

## સંસ્થાની પ્રવૃત્તિઓ :-

### શૈક્ષણિક :-

- **યોગાંજલિ વિદ્યાવિહાર :-** સમાજના વંચિત તેમજ આર્થિક તંગી અનુભવતા પરિવારના બાળકો, અનાથ બાળકો તેમજ ગ્રામ્ય કન્યાઓમાં શિક્ષણરૂપી જ્ઞાનની જ્યોત પ્રગટે તે માટે સંસ્થામાં બાલમંદિરથી ધોરણ - ૧૨ સુધીની શાળા ચલાવવામાં આવે છે. મહાત્મા ગાંધીની નયી તાલીમ તેમજ શ્રી અરવિંદના મૂલ્યનિષ્ઠ શિક્ષણનો સમન્વય સાધીને વર્ષ ૧૯૭૪માં શરૂ થયેલી યોગાંજલિ વિદ્યાવિહાર સિધ્ધપુર તાલુકાની એકમાત્ર ઉત્તર બુનિયાદી શાળા છે. જ્યાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં શિક્ષણની સાથે-સાથે જીવનમાં ઉપયોગી એવા સંસ્કારોનું સિંચન, જીવનમાં મૂલ્યોનું પ્રગટીકરણ થાય તે માટે પ્રયત્ન કરવામાં આવે છે. હાલ ૮૫૦ જેટલા બાળકો અભ્યાસ કરે છે.
- **યોગાંજલિ છાત્રાલય :-** અનાથ બાળકો, ગ્રામીણ વિસ્તારના પછાત પરિવારના બાળકો,ગ્રામ્યમજૂરોના બાળકો,આદિવાસીના બાળકો અને વિચરતી જાતિના બાળકો શિક્ષણથી વંચિત રહી ન જાય તે માટે સંસ્થામાં જ ૧૯૭૪ થી છાત્રાલય શરૂ કરવામાં આવ્યું. જેમાં બાળકોને નિ:શુલ્ક રહેઠાણ અને ભોજન તથા અન્ય સુવિધા પૂરી પાડવામાં આવે છે. હાલમાં કુલ ૮૨ બાળકો છાત્રાલયમાં નિવાસ કરે છે.
- **વિદ્યાર્થી સહાય યોજના :-** સંસ્થામાં અભ્યાસ કરતા જરૂરતમંદ બાળકોને ઉચ્ચ અભ્યાસ માટે સંસ્થા તરફથી આર્થિક સહાય કરવામાં આવે છે.
- **વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર :-** બાળકોમાં વિવિધ કૌશલ્ય કળાનો વિકાસ થાય તે માટે સંસ્થામાં બાળકોને નિ:શુલ્ક વોકેશનલ ટ્રેનિંગ આપવામાં આવે છે. જેમાં વાયરમેન, પ્લમ્બિંગ, બ્યુટીપાર્લર, ફેશન ડિઝાઈનીંગ, કોમ્પ્યુટર વગેરે ના અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. આ તાલીમ લીધા બાદ તેઓ રોજગારી મેળવવા સક્ષમ બને છે.
- **શ્રી અરવિંદ યોગ કેન્દ્ર**



## મહિલા સશક્તિકરણ :-

- **વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર :-** આ કેન્દ્રમાં સામાજિક, આર્થિક, પછાત અને અભણ બહેનોને કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવે છે. આ ઉપરાંત બહેનોને રોજગારલક્ષી, અભ્યાસલક્ષી માહિતી અને વ્યક્તિત્વ વિકાસ માટે માર્ગદર્શન પુરૂ પાડી તેમને શારીરિક, માનસિક અને આરોગ્ય અંગે મુંઝવતા પ્રશ્નોનું સમાધાન કરવામાં આવે છે. દર વર્ષે અંદાજે કુલ ૪૦૦ બહેનોને વીના મુલ્યે કાનુની સહાય આપવામાં આવે છે. ૧૯૯૮ થી ૨૦૧૯ સુધીમાં કુલ ૫૫૮૩ બહેનોના વિવિધ પ્રશ્નો જેમાં ઘરેલુ હિંસા, છૂટાછેડા, દહેજ વગેરેનું નિરાકરણ કરવામાં આવ્યું છે.
- **માતૃઘર :-** માતૃઘરમાં સમાજમાં ઉપેક્ષિત થયેલી સાસરેથી તરછોડાયેલી, પિયરથી તિરસ્કૃત થયેલી બહેનોને કોઈપણ પ્રકારના નાતજાત, ઊંચનીચના ભેદભાવ વગર અહી પ્રેમપૂર્વક આવકારવામાં આવે છે અને તેમને ક્ષમતાપૂર્વક કામ આપી સ્વમાનભેર જીવન જીવવાની તક આપવામાં આવે છે. કોઈપણ બહેન બાળકો સાથે આવે તો તેમના બાળકોના અભ્યાસની તમામ જવાબદારી સંસ્થા નિભાવે છે. અત્યાર સુધી ૧૦૦ થી પણ વધુ બહેનોને માતૃઘર દ્વારા જીવનની નવી દિશા મળી છે.
- **મહિલા રોજગારી અને તાલીમ કેન્દ્ર :-** આ કેન્દ્રનો મુખ્ય હેતુ સમાજની અસહાય તેમજ આર્થિક રીતે પગભર થવા માંગતી બહેનોને રોજગારી પૂરી પાડવાનો છે. આ કેન્દ્રમાં હાથખાંડના મસાલા તૈયાર કરવામાં આવે છે. તેમજ ભરતકામ, સિલાઈકામ, લેધર રેક્ઝીન બનાવટ, ઘર સુશોભનની વસ્તુઓ, અગરબત્તી, મીણબત્તીની બનાવટ વગેરે પ્રકારની તાલીમ આપવામાં આવે છે. જેના દ્વારા બહેનો ઘરે બેઠા સ્વરોજગારી પ્રાપ્ત કરી શકે છે. અત્યાર સુધી કુલ ૩૯૦ તાલીમ કેન્દ્રો દ્વારા ૩૮,૬૧૦ બહેનોને તાલીમ પૂરી પાડી છે.

